સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, ભુજ અને મુંબઈથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંદેશ

BUDGET 2015

SUNDAY
01 03 2015



સસ્તું શું

- ચામડાનાં ચંપલો અને ચામડાની વસ્તુઓ
- વિદેશથી આવતી સહાયક સામગ્રીઓ
- એલઈડી ટીવી
- સોલાર વોટર હિટર,
- માઈક્રોવેવ ઓવન,
- અગરબત્તી,
- પેક્ડ ફ્રૂટ
- એમ્બ્યુલન્સ સર્વિસ, ઈલેક્ટ્રિક
- હાઈબ્રિડ કાર,
- કાચા માલ
- પ્રાણી સંગ્રહાલયની મુલાકાત.

મોંઘું શું

- હોટેલમાં જમવાનું
- હોટેલમાં રોકાણ
- હોસ્પિ.માં સારવાર મોંઘી
- વીમાપોલિસી
- વિમાનમાં મુસાફરી
- ટ્રાવેલિંગ
- જિમ
- બ્યુટીપાર્લર
- લગ્નસામગ્રી
- ડ્રાઇક્લીન
- કમ્પ્યૂટર, લેપટોપ
- ટીવીસેટ, મોબાઇલ ફોન
- કેબલ ટીવી અને વાઈફાઈ
- ઇન્ટરનેટ સેવા
- મોબાઈલ-ટેલિફોનનાં બિલ
- ક્રેડિટ ડેબિટકાર્ડની સુવિધા
- કુરિયર સેવા
- દવાઓ
- દારૂ, પાણીની
- બોટલ પાન, મસાલા,
- ગુટખા, સિગારેટ
- ચીટફંડ
- લોટરી ટિકીટ
- મકાનો
- સિમેન્ટ

આમ આદમી પર
₹15,068
કરોડનો
કમરતોડ
બોજ

આમ આદમીને ડિંગો, ઉદ્યોગોને હાથતાળી

વેલ્થટેક્સ નાબૂદ : સુપર રિચ પર ૨ ટકાનો વધારાનો સરચાર્જ : સર્વિસટેક્સ વધારીને ૧૪ ટકા : કોર્પોરેટ ટેક્સના દર ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરાશે : પેટ્રોલ-ડીઝલ પરનો રોડસેસ રૂ.૨થી વધીને ૬ : બ્લેક મની જાહેર કરવા છ મહિનાની મુદત

વેરાનું માળખું યથાવત્ રખાતાં નિરાશ મધ્યમવર્ગને જેટલીએ સલાહ આપી- પોતાનું ધ્યાન પોતે રાખો

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્રના નાણાપ્રધાન અરુણ જેટલીએ સંસદમાં વર્ષ ૨૦૧૫-૧૬નું સામાન્ય બજેટ રજૂ કરીને આમ આદમી પર રૂ. ૧૫,૦૬૮ કરોડનો કમરતોડ બોજ નાખ્યો છે. ચૂંટણી વખતે આમ આદમીને 'અચ્છે દિન'નાં સપનાં બતાવનાર મોદી સરકારે બજેટમાં ઉદ્યોગો માટે કરરાહતો અને અનેક યોજનાઓની લહાણી કરીને આમ આદમીને ડિંગો બતાવ્યો છે. પગારદાર વર્ગ અને મધ્યમ વર્ગને જેની આશા હતી તેવી વેરાકીય રાહત અપાઈ નથી. આમ આદમી જો વધારે બચત કરે તો જ તેને વધારે કરરાહતો મળશે તેવો વ્યૂહ ઘડ્યો છે, આમ એક હાથે લઈને બીજા હાથે આપવાની વાત કરી છે. વેલ્થટેક્સ નાબૂદ કર્યો છે તેના બદલે સુપરરિચ પર ૨ ટકાનો સરચાર્જ લગાવ્યો છે. કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવાનું ફક્ત વચન અપાયું છે. સામે સર્વિસ ટેક્સ ૧૨.૩૬ ટકાથી વધારી ૧૪ ટકા કરાયો છે. જેની અસર દરેક સામાન્ય માણસને થવાની છે.

કેટલીક ચીજો પરની કસ્ટમ્સ તેમજ એક્સાઈઝ ડ્યૂટીમાં વધારો કરાયો છે, આને કારણે રોજિંદા વપરાશની અનેક ચીજો મોંઘી થશે. સીધા વેરામાં રૂ. ૮,૩૧૫ કરોડની રાહતો આપી છે જ્યારે આડકતરા વેરા મારફત વધુ રૂ. ૨૩,૩૮૩ કરોડ મેળવવાનો જેટલીનો ઈરાદો છે, આમ દેશની જનતા પર આ બજેટ રૂ. ૧૫,૦૬૮ કરોડનો કરવેરાનો ચોખ્ખો બોજ નાખે છે.

જેટલીએ બજેટમાં બ્લેક મનીને વિદેશમાં લઈ જનારા કરચોરો પરનો ગાળિયો કસવા માટે નવો કાયદો ઘડવાનાં પગલાં લીધાં છે. રિયલ એસ્ટેટમાં પ્રોપર્ટીના બેનામી સોદા રોકવા કડક સજા અને દંડની જોગવાઈ કરી છે. સોનાનો સંગ્રહ કરવાની લોકોની ઘેલછાને ધ્યાનમાં રાખીને ગોલ્ડ મોનેટાઈઝેશન ફંડ તેમજ સોવરિન ગોલ્ડ બોન્ડની યોજના દાખલ કરી છે. લોકોને રોજગારી આપતી મનરેગા યોજના માટે તેમજ સંરક્ષણ માટે બજેટમાં વધુ ફાળવણી કરાઈ છે. લઘુમતી વર્ગનાં લોકોને ઉદ્યોગો સ્થાપવા માટે નયી પહેલ યોજના શરૂ કરાઈ છે. કૃષિધિરાણ વધારવા માટેનાં પગલાં લેવારાં છે.

HIKE

પેટ્રોલ અને ડીઝલમાં ₹૩.૬૦નો વધારો

પેટ્રોલ		ડીઝલ	
63.99	અમદાવાદ	55.40	બજેટ બાદ તુરંત જ પેટ્રોલના ભાવમાં રૂ.૩.૧૮, ડીઝલના ભાવમાં ૩.૦૯નો વધારો ઝીંકી દેવાયો છે.
63.15	વડોદરા	55.04	
63.28	રાજકોટ	55.18	
63.88	સુરત	55.31	

BUDGET INFO

₹4,44,200 સુધી કરકપાત કેવી રીતે મળશે

જેટલીનું ગણિત

₹1,50,000	₹50,000	₹2,00,000	₹25,000	₹19,200
કલમ ૮૦ સી હેઠળનાં લાભ	કલમ ૮૦ સીસીડી હેઠળ	હાઊસિંગ લોન પર વ્યાજ	હેલ્થ ઈન્સ્યોરન્સ પર પ્રિમિયમ	ટ્રાન્સપોર્ટ એલાવન્સ

ઈન્કમટેક્સના સ્લેબમાં કોઈ બદલાવ નહીં, નોકરિયાત વર્ગની આશા ઠગારી

સર્વિસટેક્સમાં બે ટકાનો વધારો ઝીંકી દેવાયો, મોંઘવારી વકરશે

૫૦ હજારની જગ્યાએ હવે એક લાખ રૂપિયાની ખરીદી પર પાનકાર્ડ જરૂરી

નવાં પગાર પંચનો રિપોર્ટ આવતા વર્ષે, ૨૦૧૮માં અમલની સંભાવના

ગામ, ગરીબ અને બાબા

2022 સુધીમાં અંદાજે ૪ કરોડ આવાસો બંધાશે.

2020 સુધીમાં દેશનાં તમામ ગામડાઓમાં વીજળીની સુવિધા પૂરી પડાશે.

બાબા રામદેવને મોટો ફાયદો થયો, કારણ કે યોગ હવે ચેરિટેબલ કરવામાં આવ્યો.

મધ્યમવર્ગ માટે પેન્શન ફંડમાં નિવેશ પર રૂ.૧.૫ લાખની છૂટ આપવામાં આવી. ફાયદો માત્ર અમીરોને જ, પાંચ લાખની આવકમાં બચત નથી થતી તો નિવેશ કેવી રીતે?

50,000ના એક્સ્ટ્રા નિવેશ પર કેટલો ફાયદો

ફાયદો	
₹10,00,000થી વધુ	₹15,000
₹10,00,000સુધી	₹10,000
₹5,00,000 સુધી	₹5,000

મેડિકલ બિલ પર ટેક્સ રિબેટ		ટ્રાન્સપોર્ટ એલાવન્સ પર ટેક્સ રિબેટ	
પહેલાં	હવે	પહેલાં	હવે
15,000	25,000	9,600	19,200
વાર્ષિક 1,000 થી 3,000		વાર્ષિક 1,000 થી 2,900	

TDSનો બોજ

નાણા પ્રધાને બજેટમાં ઇપીએફની રકમ અને બેંકોની થાપણો પરના વ્યાજ પર ટીડીએસ કાપવાનો પ્રસ્તાવ મૂકતા આમઆદમી પરનો બોજો વધ્યો છે.

સુપર રિચ ટેક્સ વધ્યો

અમીર લોકો માટે

પહેલાં ૩૦ લાખથી વધુની આવક પર ૧%.વેલ્થટેક્સ હતો.

હવે હવે વેલ્થટેક્સ નાબૂદ કરીને ૧ કરોડથી વધુની રકમ પર ૨ ટકા સરચાર્જ.

કોર્પોરેટ ટેક્સ ઘટ્યો

પહેલાં ૩૦ ટકા હતો. એક્ઝમ્પ્શન બાદ ૨૩ ટકા કરવામાં આવ્યો,

હવે ૨ ટકાનો વધારો કરીને ૨૫ ટકા કરવામાં આવ્યો.

સર્વિસટેક્સ વધ્યો

પહેલાં સર્વિસચાર્જ ૧૨.૩૬% હતો જેને વધારીને ૧૪% કરવામાં આવ્યો.

હવે દરેક બિલની ચુકવણી મોંઘી પડશે.

EFFECTS

પગારદાર વર્ગ ઇનકમ ટેક્સમાં કોઇ બદલાવ નહી. • સર્વિસ ટેક્સ વધારીને ૧૪ ટકા. હેલ્થ ઇન્સ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી પર ડિડક્શનની મર્યાદા વધારીને ૨૫ હજાર રૂપિયા • કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા.

ગરીબ યુવાઓ માટે સ્કિલ મિશન, મેક ઇન ઇન્ડિયાની મદદ લેવામાં આવશે • અકસ્માત વીમા : ૧૨ રૂપિયાના પ્રીમિયમ પર બે લાખ રૂપિયા સુધીનો વીમો મળશે. • ૨૦૨૨ સુધી ગરીબી નાબુદ કરવાની જાહેરાત • અટલ પેન્શન યોજના.

મહિલા સુકન્યા સમૃદ્ધિ સ્કિમનું વ્યાજ હશે ટેક્સ ફ્રી • નિર્ભયા ફંડમાં વધુ ૧,૦૦૦ કરોડ ફાળવવાની જાહેરાત • દુર્ભાગ્યની વાત એ છે કે, અગાઉ આ ફંડમાં ફાળવાયેલા નાણામાંથી એક પાઇ પણ મહિલા સુરક્ષા માટે ખર્ચાઇ નથી.

યુવાનો નવા ટેકનોલોજી સ્નાતકો માટે 'સેતુ'ના નામથી એક હજાર કરોડ રૂપિયાનું ઇનક્યુબેશન ફંડ • યુવાઓમાં સ્કિલના વિકાસ માટે સ્કુલની સંખ્યા વધારાશે • યુવાઓને રોજગાર માટે તૈયાર કરવા મેક ઇન ઇન્ડિયાની મદદ લેવાશે.

મધ્યમ વર્ગ મધ્યમ વર્ગને કોઇ મોટી રાહત આપવામાં આવી નથી. સર્વિસ ટેક્સમાં વધારો લદાતા મોંઘવારીનો સૌથી વધુ માર મધ્યમ વર્ગ પર પડશે. તે ઉપરાંત આવકવેરાના દરોમાં ઘટાડો ન કરાતા મધ્યમવર્ગ નારાજ થયો છે.

કાળાંનાણાં-ગોલ્ડ સ્કીમ કાળાં નાણાં પર બિલ લાવશે સરકાર, દસ વર્ષ સુધી સજાની જોગવાઇ. • ઘરેલું કાળું નાણું રોકવા માટે બેનામી વ્યવહાર વિધેયક રજૂ કરાશે. • સોનાના જથ્થાનો સદુપયોગ કરવા ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ.

GUJARAT

− • ઇમ્પોર્ટેડ ટેક્સટાઇલ મશનરી પર ૫ ટકા અને પાટ્સ પર ૧૫ ટકા કસ્ટમ ડ્યૂટીમાં રાહત ન મળે • ગુજરાતમાં એઈમ્સ બાબતે કોઈ જાહેરાત કે ઉલ્લેખ ન કરાયો • રો સિલ્ક યાર્ન પરની એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટીમાં ઘટાડો ન કરાયો • હીરા ઉદ્યોગ, જેમ- જ્વેલરી ટ્રેનિંગ સેન્ટરો કાર્યરત કરવા અંગે કેન્દ્ર સરકારે ઉપેક્ષા કરી.

+ • દેશના રદ્ હેરિટેજને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની યોજનામાં ગુજરાતના પાટણ ખાતેની રાણકી વાવનો સમાવેશ કરાયો છે.• ડીએમઆઇસી ધોલેરાના વિકાસને વેગ મળશે

BUDGET AT A GLANCE

સંદેશ સંદેશ, દર વર્ષે જાહેર થતાં બજેટ, સામાન્ય વાચક પણ સરળતાથી સમજી શકે તેવી ભાષામાં રસપ્રદ છણાવટ સાથે પ્રસિદ્ધ કરવાની પરંપરા ધરાવે છે. વર્ષ ૨૦૧૫-૧૬નું સામાન્ય બજેટ પણ ૧૧ પાનાં પર વિસ્તૃત વિગતો સાથે રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરાયો છે.

રકમ	વિગત
₹1,25,000 કરોડ	વધારાનું પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ
₹70,000 કરોડ	કુલ મૂડીખર્ચ
₹8.5 લાખ કરોડ	કૃષિધિરાણ માટે
₹5,000 કરોડ	મનરેગા માટે વધારાના
₹13,12,200 કરોડ	બજેટનો બિનયોજનાકીય ખર્ચ
₹4,65,277 કરોડ	બજેટનો યોજનાકીય ખર્ચ
₹2,46,727 કરોડ	સંરક્ષણ ક્ષેત્ર માટે
₹17,77,477 કરોડ	બજેટનો કુલ ખર્ચ
₹14,49,490 કરોડ	કરવેરાની કુલ આવક
₹5,23,958 કરોડ	રાજ્યોને ફાળવણી
₹9,19,842 કરોડ	આવકમાં કેન્દ્રને ફાળે
₹2,21,733 કરોડ	કરવેરા સિવાયની આવક
₹70,000 કરોડ	માળખાગત ક્ષેત્રે વધારાનું રોકાણ